# ડીસા સહિત જિલ્લામાં ફરી એકવાર હવામાનમાં પલટો

## બીજી વખત બટાકા સહિતના વાવેતરને નુકશાન થવાની ભીતિના પગલે ખેડૂતના જીવ તાળવે



ડીસા પંથક સહિત જિલ્લામાં ચાલુ વર્ષે અતિવૃષ્ટિ અને અવારનવાર કમોસમી વરસાદના પગલે ખેતીને વ્યાપક નુકસાન થયુ છે, જેથી ખેડૂત બેહાલ બન્યો છે. ત્યારે ચોમાસુ સિઝન નિષ્ફળ જતા હવે છવાયેલ વાદળોને લઈ ખેડૂતોના જીવ ફરી એકવાર તાળવે ચોંટ્યા છે. શિયાળુ ખેતીમાં એકમાત્ર આધાર એવા બટાકા દિવાળી બાદ વાવ્યા હતા પરંતુ વાવેતરના પંદર દિવસ બાદ જ કમોસમી વરસાદ પડતાં ખેડૂતોના બટાકાનું બિયારણ અને વાવેતર બન્નેમાં ભારે નુકસાન થયું હતું ત્યારબાદ મોટા ભાગના ખેડૂતો દ્વારા ફરીથી બટાકાનું વાવેતર કરવામાં આવ્યું છે ત્યાં ફરી પાછા આકાશમાં વાદળો ગોરંભાતા ખેડૂતના જીવ પડીકે બંધાયા હતા. મોસમે બદલેલા મિજાજમાં સૌરાષ્ટ્ર સહિતના ભાગોમાં માવઠું પડતા ડીસા પંથકમાં પણ વાતાવરણ પલટયું છે જેને લઈ ક્યાંક માવઠું પડે તો ખેડૂતને મોટું નુકસાન વેઠવું પડે તેવી સ્થિતિ સર્જવા પામી છે.

# સાબરકાંઠામાં ૩૫ નાયબ મામલતદાર અને ક્લાર્કોને મૂળ જગ્યાએ મુકાયા

હિંમતનગર, તા. ૫

ચોમાસામાં કુદરતી આપત્તી તથા અન્ય પુરરાહતની વધારાની કામગીરી કરવાની હોય છે. ત્યારે આ સમયગાળા દરમ્યાન ટાઈપીસ્ટને ક્લાર્ક તથા ક્લાર્કને હંગામી ધોરણે નાયબ મામલતદાર સંવર્ગમાં બઢતી અપાઈ હતી. પરંતુ રાજ્ય સરકારના નિયમ મુજબ તા. ૩૦ નવેમ્બરના રોજ આ કામગીરી પૂર્ણ કરી દેવાની જોગવાઈ હોવાથી હંગામી ધોરણે ઉભી કરાયેલી આ જગ્યાઓ આપોઆપ નાબુદ થઈ જાય છે. જેને લઈને સાબરકાંઠાના કલેક્ટરે આ કામગીરીમાં રોકાયેલા ૩૫ કર્મચારીઓને મુળ જગ્યાએ મોકલી આપવાના બુધવારે આદેશ કરીને તાત્કાલીક અમલ કરવાનુ ફરમાન કર્યુ છે.

આ અંગે કલેક્ટર કચેરીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રાજ્યમાં અચાનક આવતી કુદરતી આફત, મતદારી યાદી તથા મુદતી અને મોસમી જગ્યાઓ ઉપર અગત્યની કામગીરી કરવા માટે ક્લાર્ક સંવર્ગમાંથી કેટલાક કર્મચારીઓને નાયબ મામલતદાર પુરરાહતની કામગીરી માટે હંગામી ધોરણે બદલી કરીને બઢતી અપાઈ હતી. જે મુજબ ચોમાસુ વર્ષ ૨૦૧૯ના કામે જિલ્લાકક્ષાએ એક નાયબ મામલતદાર, તાલુકાકક્ષાએ એક નાયબ મામલતદાર મળી કુલ નવ હંગામી નાયબ મામલતદારોની બદલી કરીને પુરરાહતની કામગીરી માટે મુકાયા હતા.

તેજ પ્રમાણે તા. ૧-૬-૧૯ થી ૩૦-૧૧-૧૯ સુધીની હંગામી જગ્યાઓ નાબુદ થતા આ કર્મચારીઓને તેમની મુળ જગ્યાએ મુકવા માટે બુધવારે જિલ્લા કલેક્ટરે આદેશ કર્યા હતા અને તેનો તાત્કાલિક અમલ કરવાના આશયથી બુધવારે સાંજે ઓફિસ સમય પૂર્ણ થયા બાદ આ કર્મચારીઓને મુળ જગ્યા પર હાજર થવા આદેશ કરી દેવાયા હતા. જોકે જિલ્લાના નાયબ મામલતદાર સંર્ગમાંથી કારકુન (ક્લાર્ક) સંવર્ગમાં રીવીજન આપતા તેમને ખેડબ્રહ્મા, ઈડર, હિંમતનગર, પ્રાંતિજ, વડાલી તથા અન્ય ખાલી જગ્યાઓ પર પરત નિમણુંકના આદેશ કરાયા છે.

જોકે કેટલાક કર્મચારીઓની બદલી માટેની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવી હોવાથી તેમને સ્પે. ટ્રાન્ઝીટ મંજુર કરવામાં આવે છે. અને માંગણીથી બદલી કરાયેલ કર્મચારીઓને બદલી વળતર ભથ્થુ મળી શકશે નહીં. આમ જિલ્લામાં ૩૫ કર્મચારીઓના રીવીજનના આદેશ કરાતા મુળ ખાલી રહેલી જગ્યાઓ પર કામનુ ભારણ ઓછુ થઈ જશે.

# સાબરકાંઠામાં કરોડો રૂપિયાની યુનિસેફની ગ્રાન્ટમાં ગેરરીતી થઈ હોવાની આશંકા

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લા પંચાયત હસ્તકના આરોગ્ય વિભાગમાં જિલ્લા આરોગ્ય અધિકારી અને તેમના મળતીયાઓ દ્વારા સરકારની ગ્રાન્ટોમાંથી ખાયકી કરવા માટે ભુતકાળમાં અનેક વખત રાજ્ય અને કેન્દ્ર કક્ષાએ લોકોએ કરેલી રજુઆતને લાંબા સમય બાદ સફળતા મળી છે. જે મુજબ તત્કાલીન જિલ્લા આરોગ્ય અધિકારી અને તેમના મળતીયા મળી આઠ કર્મચારીઓ વિરૂદ્ધ કેન્દ્રના યુનીસેફ વિભાગ દ્વારા તાજેતરમાં તપાસનો ધમધમાટ શરૂ કરાતા તેમાં સંડોવાયેલા અધિકારીઓ અને કર્મચારીઓની નોકરી પર લટકતી તલવાર તોળાઈ રહી હોવાનુ આરોગ્ય વિભાગના આધારભુત સુત્રોમાંથી જણાવાયુ છે.

દિવાળી અગાઉ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તરીકે ડૉ. ફેન્સી ફરજ બજાવતા હતા. જોકે તેમની આપખુદશાહીને કારણે વિભાગના અનેક કર્મચારીઓ નારાજ હોવા છતાં તેમનો ત્રાસ સહન કરતા હતા. પોતાની નોકરી ન જાય અને અંતરીયાળ વિસ્તારમાં બદલી ન થાય તે આશયથી આરોગ્ય વિભાગના કર્મચારીઓ જિલ્લા આરોગ્ય અધિકારીના આપખુદી વલણને કમને સહન કરતા હતા. તેમની ફરજકાળ દરમ્યાન કેન્દ્ર સરકારના યુનીસેફ વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લાના પછાત એવા વિજયનગર, ખેડબ્રહ્મા અને પોશીના તાલુકા માટે અંદાજે રૂ. ૨ કરોડથી વધુની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

ત્યારબાદ જિલ્લા આરોગ્ય અધિકારી અને તેમના મળતીયાઓએ આ ગ્રાન્ટનો મનફાવે તે રીતે ઉપયોગ કરી ખોટા બીલો બનાવી સરકારી નાણાં હડપ કરવામાં કોઈ કસર છોડી ન હતી. દરમ્યાન આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારીના કરતુતોનો પર્દાફાશ કરવા માટે થોડા મહીના અગાઉ આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારીઓ તેમના કરતુતોનો પર્દાફાશ કરી જિલ્લાના અધિકારીઓ તથા રાજ્યના આરોગ્ય વિભાગમાં જાણ કરી હતી. પરંતુ તેની અસરકારકતા અથવા તો આવા આક્ષેપોમાં કોઈ તથ્ય ન હોવાની રજુઆતને પગલે ભીનુ સંકેલી લેવાના પ્રયાસ થયા હતા.

ત્યારબાદ આ ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવાના આશયથી દિલ્હી સ્થિત યુનીસેફ વિભાગમાં પુરાવાઓ અને કેટલાક દસ્તાવેજો સાથે કરાયેલી રજુઆત બાદ સીધા દિલ્હીના અધિકારીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરી દેવાયો છે. જોકે દિવાળી અગાઉ વર્ષોથી જિલ્લા આરોગ્ય વિભાગની કચેરીમાં ફરજ બજાવતા તથા ડૉ. ફેન્સીના ખાસ વિશ્વાસુ એવા અધિકારીની સાબરકાંઠા બહાર બદલી કરી દેવામાં આવી હતી. જિલ્લા આરોગ્ય અધિકારીએ તેમના ફરજકાળ દરમ્યાન સરકારમાંથી લેબ ટેકનીશયનોને લેબમાં સાધનો ખરીદવા માટે અપાતી ગ્રાન્ટમાંથી આ ઉચ્ચ અધિકારીઓ કમિશન લઈને પોતાની મનમાની કરતા હતા.

આ ઉપરાંત ભુતકાળમાં સાબરકાંઠા જિલ્લામાં મેલ અને ફીમેલના મળી અંદાજે ૧૦૦થી વધુ કર્મચારીઓની ભરતીમાં થયેલી ગેરરીતી અંગે અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના તથા પ્રાંતિજ તાલુકાના એક રહીશે ઉચ્ચ અધિકારીઓને કરેલી રજુઆત બાદ જિલ્લા આરોગ્ય કચેરીમાં સોંપો પડી ગયો હતો. જો કે આ રજુઆતકર્તાઓની સાચી ઓળખ કરવા માટે અનેક ધમપછાડા કરાયા હતા પરંતુ તેમાં કોઈ સફળતા મળી ન હતી.

### નેનાવા ગામે રત્નમણી દ્વારા બનાવેલ મોડલ આંગણવાડી કેન્દ્રને ડીડીઓ હસ્તે ખુલ્લી મુકાઈ

ધાનેરા તાલુકો એ શિક્ષણ માં આજેય પણ પછાત છે સરકાર ની અનેક યોજના હોવા છતાં પણ શિક્ષણ નું પ્રમાણ ઓછું હોવાના ના કારણે ધાનેરા વિસ્તાર ના લોકો અનેક યોજના થી વંચિત રહી જતા હોય છે જે બાબત ને લઈ નેનાવા ગામ ના વતની રાજુભાઈ જૈન દ્વારા ગામમાં રત્નમણી ગામ માં મોડલ આંગણવાડી કેન્દ્ર બનાવવામાં આવ્યું હતું જેનું આજે લોકપર્ણ બનાસકાંઠા ના ડી.ડી.ઓ અજય દહીંયાં ના વરદ હસ્તે ખુલ્લું મુકવામાં આવયુ હતું આ કાર્યક્રમ માં ડી.ડી.ઓ બાળકો ની શિક્ષણ અને તંદુરસ્તી બાબતે વાલીઓ ને ટકોર કરી હતી સાથોસાથ રત્નમણી. જયતીલાલ એ એમની કમ્પની થતા અનેક સેવાકીય પ્રવૃતિઓ ની માહિતી આપી હતી અને એમના દ્વારા થતી સેવાકીય લાભ લેવાની હાકલ કરવામા આવી હતી.

# અંબાજી મંદિર ખાતે પ્રસાદના ભાવમાં ૫૦ ટકાનો વધારો

અંબાજી, તા. ૫

મોંઘવારીનો માર દેશની જનતાને તો નડી જ રહ્યો છે. પણ તેની સાથે સાથે ભગવાનના મંદિર પર પણ પડી રહ્યો છે. એક તરફ મંદિરમાં લાખો રૂપિયાનું દાન આવે છે અને બીજી તરફ વધતી જતી મોંઘવારીના કારણે મંદિર ટ્રસ્ટને પ્રસાદમાં આપવામાં ખોટ જતી હોવાથી તેઓ હવે માતાજીના પ્રસાદના ભાવમાં પણ વધારો કરી રહ્યા છે. પ્રસાદની કિંમતમાં ૧૦ ટકા કે ૨૦ ટકાનો નહી પણ સીધો ૫૦ ટકાનો વધારો કરી રહ્યા છે. પ્રસાદના ભાવમાં વધારો કરવાનો નિર્ણય ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા લેવામાં આવ્યો છે.

એક રિપોર્ટ અનુસાર દૂર દૂરથી લોકો અંબાજીમાં બિરાજેલા મા અંબાના દર્શન કરવા માટે અંબાજી મંદિરે આવે છે. માતાજીના ધામમાં દર્શન કરવા આવેલા ભકતો માતાજીના આશીર્વાદરૂપે મંદિરમાંથી ૧૦ રૂપિયા ભાવે આપવામાં આવતું ૮૦ ગ્રામના પ્રસાદનું પેકેટ લઈ જાય છે. પરંતુ વધતી મોંઘવારીમાં આ નાના એવા પ્રસાદના પેકેટના કારણે દર વર્ષે મંદિરને ચાર કરોડ કરતા વધારે નુકસાન થતું હતું. એટલે મંદિર ટ્રસ્ટ દ્વારા પ્રસાદના નાના એવા ૮૦ ગ્રામના બોક્સના ભાવમાં વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેથી ૧ ડિસેમ્બરને રવિવારથી ૮૦ ગ્રામના પ્રસાદના નાના એવા પેકેટના ભાવમાં સીધો ૫૦ ટકાનો ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. ૫૦ ટકા ભાવ વધારો થતાં ૧૦ રૂપિયાના પ્રસાદના પેકેટના હવે ભક્તોએ ૧૫ રૂપિયા ચૂકવવા પડશે.



આ બાબતે મંદિર ટ્રસ્ટના વહીવટદાર એસ.જે. ચાવડાએ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૬-૧૭ના પ્રસાદમાં મંદિરને ૪ કરોડ રૂપિયાનું વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રસાદમાં મંદિરને ૪.૪૨ કરોડનું અને વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રસાદમાં મંદિરને ૪.૪૩ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું અને આ વર્ષે પણ પ્રસાદમાં ભાવ ન વધારવામાં આવે તો મંદિર ટ્રસ્ટને ૬ કરોડ રૂપિયાનું નુકસાન થાત. મંદિર ટ્રસ્ટ દ્વારા મોહનથાળ બનાવતી એજન્સીને ૧૫.૦૭ રૂપિયા સાથે ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેમાં એજન્સીને ૭ પૈસાનું નુકસાન સહન કરવું પડે. પ્રસાદના ભાવમાં વધારો કરવાથી આ વર્ષે જે ૬ કરોડ રૂપિયાનો નફો થશે તેનો ઉપયોગ અમે યાત્રિકોની સુખાકારી માટે કરીશું.

# પ્રાંતિજ ખાતે મહારાષ્ટ્રના જલગાંવથી નિકળેલ પવિત્ર જયોત યાત્રાનું ભવ્ય સ્વાગત

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહારાષ્ટ્રના જલગાંવથી નિકળેલ પવિત્ર જયોતયાત્રાનું ડીજેના તાલે વાજતેગાજતે પ્રાંતિજ સિંધી સમાજના ભાઈ-બહેનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રના જલગાંવથી નિકળેલ પવિત્ર જયોતયાત્રા પ્રાંતિજ ખાતે આવી પહોચતા પ્રાંતિજ ખાતે રહેતા સિંધી સમાજના ભાઈ-બહેનો દ્વારા પ્રાંતિજ ત્રણ રસ્તા ખાતે ફુલહાર પહેરાવીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને સિંધી સમાજના ભાઈ-બહેનો દ્વારા જ્યોતના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજ ત્રણ રસ્તાથી ભાખરીયા બસસ્ટેન્ડ સુધી સિંધી સમાજ ના ભાઈ-બહેનો દ્વારા ડીજે ના તાલે વાજતેગાજતે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. મહારાષ્ટ્રના જલગાંવથી નિકળેલ પવિત્ર જયોત યાત્રાનું ગુજરાતભરમાં ત્રણ મહિના સુધી જુદી જુદી જગ્યાએ થઈને નાના મોટા ૧૫૦૦ શહેરમાં જશે. જલગાંવ ખાતે ૩,૩૨૦૦ સ્વેરફુટની વિશાળ ભૂમિ પર પ્રભુ શ્રી રામ અને ભગવાન શ્રી ઝુલેલાલની ૧૦૮ ફુટની પ્રતિમાઓનું નિર્માણ કરવામાં આવશે અને હિંગળાજ માતાનું ભવ્ય વિશાળ મંદિરનું પણ નિર્માણ કરવામાં આવશે. સાથે સંતોનું પણ મ્યુઝિયમ અને ભવ્ય હોસ્પિટલ બનાવવામાં આવશે જેમાં દર્દીઓને ફ્રી સેવા આપવામાં આવે છે તો બહારથી આવતા દર્શનાર્થીઓ માટે રહેવાની સુવિધા સાથે મોટું તિર્થસ્થાન બનશે. ત્યારે આજે ૬૮મા દિવસે પ્રાંતિજ ખાતે પવિત્ર જયોતયાત્રા આવી પહોચતા તેનું પ્રાંતિજ ખાતે રહેતા સિંધ સમાજના પ્રમુખ ધરમદાસ ટેકવાણી, રાજુભાઈ કિમતાણી, વકીલ જમનાદાસભાઈ નરસિધાણી, રતિલાલ ટેકવાણી, કમલેશભાઈ બાલાણી સહિત સિંધી સમાજના ભાઈ-બહેનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને ભવ્ય સ્વાગત કર્યું હતું.





સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરના વિદ્યાનગરી પાસે આવેલ રેલ્વે અન્ડર બ્રીજના લોખંડના ગડર સાથે ગુરુવારે વહેલી સવારે ૪ વાગે ટ્રક અથડાતા અકસ્માત સર્જાયો હતો જેમાં મહેસાણાના બેચરાજીના ટ્રક ચાલક વિમલભાઈ દિનકરભાઈ જોશી કેબીન દબાઈ જતા તેમના બંને પગ ફસાઈ ગયા હતા. તો અકસ્માત અંગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસને જાણ થતા ઘટના સ્થળે પહોચી હતી. બીજી તરફ ૧૦૮ને જાણ થતા તે પણ ઘટનાસ્થળે પહોચી હતી પરંતુ અઢી કલાક સુધી ચાલકને બહાર કાઢવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. છતાયે બહાર કાઢી શક્યા ન હતા તો આ અંગે હિમતનગર ફાયર બ્રિગેડના અધિકારી પ્રતાપસિંહ દેવડાને જાણ કરતા તે સ્ટાફ સાથે ઘટનાસ્થળે આવી પહોચ્યા હતા અને અઢી કલાક બાદ માત્ર ૨૫ મીનીટમાં ચાલકને કેબીન હાઈડ્રાથી ખેચી બહાર કાઢ્યો હતો અને ૧૦૮માં સારવાર અર્થે ઈજાગ્રસ્ત ચાલક અને ક્લીનર વજાજી રણછોડજી ઠાકોરને હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. આ ટ્રકમાં મકાઈની પાપડી ભરીને ટ્રક રાજકોટથી હિમતનગર નજીક ગાંભોઈ આવી રહ્યો હતો ત્યારે કારને બચાવવા જતા આ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતને લઈને બાયપાસ રોડ પર ટ્રાફિક જામ થયો હતો જે ટ્રક સ્થળ પરથી દુર કરાયા બાદ રાબેતા મુજબ ટ્રાફિક શરુ થયો હતો.

# ધાનેરામાં ગરીબોને અંદાજિત ઉંમરના દાખલા માટે પાલનપુર ખાવા પડતા ધરમના ધક્કા

ધાનેરા, તા. ૫

ધાનેરામાં ગરીબ મહિલાઓને મળતા સરકારી લાભો જેવાકે વૃદ્ધ પેન્શન વિધવા સહાય જેવી અનેક યોજનાઓ માટે ઉંમરના દાખલા જરૂરી બને છે પરંતુ ધાનેરાની ગરીબ પ્રજા અભણ અને મજૂરી કરતી હોવાથી તેમના કોઈ જન્મના પ્રમાણપત્ર કે દાખલાઓ નથી માટે આવા સરકારી લાભ લેવા માટે સરકારી દવાખાનામાં અંદાજિત ઉંમરના દાખલા લેવા જતા અધિકારીઓ અમે દાખલા આપી શકતા નથી તમારે પાલનપુર જવું પડશે તો ના છુટકે આ ગરીબ પ્રજા પાલનપુર જઈને દાખલા લેવા માટે ધરમ ધકકા ખાઈ રહયા છે. મજૂરી કરતાં ગરીબ વર્ગ આખો દિવસ મજૂરીનો બગાડીને તેમ જ બસ ભાડા ખર્ચીને પાલનપુર દાખલો લેવા જાય છે ત્યારે અધિકારીઓ પણ મળતા નથી હોતા તેથી તેઓને ઘરે પાછા આવી બીજા ત્રીજા દિવસે જવું પડે છે. આમ ૫૦૦ થી ૧૦૦૦ રૂપિયાનો ખર્ચ સહન કરવો પડે છે જો ધાનેરામાં આ ગરીબ મહિલાઓને સરકારી લાભ માટે અંદાજિત ઉંમરના દાખલા કાઢી આપવામાં આવે તો તેમનો સમય અને પૈસાનો બચાવ થઈ શકે આ બાબતે ઉચ્ચ અધિકારીઓ વિનંતી છે કે ધાનેરા ખાતે અંદાજિત ઉંમરના દાખલા કાઢી આપવામાં આવે તેવી ધાનેરા ગરીબ લોકોની માંગ છે.

### સમસ્ત બ્રહ્મ વિકાસ પરીષદ ઉત્તર ગુજરાત ઝોન અરવલ્લી જિલ્લા મહામંત્રી પદે નિમણુંક



સમસ્ત બ્રહ્મ વિકાસ પરીષદ ઉત્તર ગુજરાત ઝોનની બેઠક તાજેતરમાં હિંમતનગર મુકામે યોજાઈ હતી. પ્રદેશ અધ્યક્ષ અર્ચનાબેન ત્રિવેદી, પ્રદેશ મહામંત્રી ચેતનભાઈ ઠાકર, રાજેશભાઈ મહેતા, અતુલભાઈ સોમપુરા, રાજેશભાઈ પંડ્યા, શરદભાઈ ત્રિવેદી, નિતીનભાઈ વ્યાસ, પ્રદિપભાઈ પંડ્યા સહિત સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.બ્રાહ્મણ સમાજના બાળકો માટે થતી મદદ અને બ્રાહ્મણ સમાજના ઝળહળતા વિકાસ માટે વિચાર વિમર્શ સામુહિક રીતે કર્યો હતો. અરવલ્લીના મહામંત્રી પદે રાજેશભાઈ આઈ.પંડ્યા,ની નિમણુંક કરાઈ છે.

### સિદ્ધપુર રેલવે સ્ટેશનને પોલીસકર્મીની પ્રથમ માસિક પુણ્યતિથિએ રક્તદાન થકી શ્રદ્ધાંજલિ

સિદ્ધપુર રેલવે પોલીસ મથકે ફરજ બજાવતા કોન્સ્ટેબલ જગતસિંહ સરદારસિંહ હડિયોલનું એક માસ પૂર્વે દુ:ખદ નિધન થયું હતું. જેમની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે સિદ્ધપુર રેલવે સ્ટેશન ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરી રક્તદાન થકી અનોખી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સિદ્ધપુર રેલવે પોલીસ મથક ખાતે કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને મૂળ વડગામ તાલુકાના રણછોડપુરા (ડાલવાણા)ના વાતની જગતસિંહ સરદારસિંહ હડિયોલનું ગત તા. ૪-૧૧-૨૦૧૯ રોજ દુ:ખદ નિધન થયું હતું.

# ડીસાના પાટણ રોડ નજીક મેડીકલ વેસ્ટ ફેંકાતા ચકચાર

## અજાણતા મેડિકલ વેસ્ટ આરોગતા ગાયનું મોત : દોષીતો સામે કડક કાર્યવાહી કરાશે : જીજ્ઞેશ હરિયાણી

ડીસા, તા. ૫

ડીસામાં તબીબી સેવાઓનો વ્યાપ વધવાની સાથે વિવિધ રોગોના અનેક ડોકટર ડીસામાં પોતાના આધુનિક ક્લિનીક ચલાવી રહ્યા છે. આ ઉપરાંત ભણસાલી ટ્રસ્ટ અને સિવિલ હોસ્પિટલમાં પણ વિવિધ રોગોની રાહત દરે સારવાર કરવામાં આવે છે પરંતુ નિષ્ણાત તબીબોની સાથે અનેક ઉઘાડપગા ડોકટરો પણ મોતની હાટડીઓ ખોલી બેઠા છે. બી.એ.એમ.એસ. અને આર્યુવેદની ડીગ્રી ધરાવતા કેટલાય ડોકટરો ગેરકાયદેસર રીતે એલોપેથીની સારવાર કરી ગરીબ દર્દીઓના આરોગ્ય સાથે ગંભીર પ્રકારના ચેડાં કરી રહ્યા છે. ત્યારે આવા જ કોઈ તબીબ દ્વારા ડીસાના પાટણ હાઈવે નજીક મેડિકલ વેસ્ટ તેમજ એક્સપાયર થયેલી દવાઓનો જથ્થો ફેંકી દેવામાં



આવતા આ મેડિકલ વેસ્ટ એક અબોલ એવી ગૌમાતા આરોગતા મોતને ભેટતા ચકચાર સાથે અરેરાટી મચી છે. જેના પગલે આસપાસમાં વસતા રહીશોમાં ભારે રોષ વ્યાપી ગયો હતો. રહીશોએ ભેગા થઈ આ બાબતની જાણ ડીસા બ્લોક હેલ્થ કચેરીએ કરતા તાલુકા બ્લોક ઓફિસર જીગ્નેશ હરિયાણી તાબડતોબ દોડી આવ્યા હતા અને તમામ મેડિકલ વેસ્ટ કબજે લઈ તપાસ હાથ ધરી હતી તેમજ જણાવ્યું હતું કે જાહેર સ્થળે આ રીતે ખુલ્લામાં મેડિકલ વેસ્ટ અને દવાઓ ફેંકી શકાય નહિ સરકારના નિયમ મુજબ તેનો યોગ્ય રીતે નિકાલ કરવો જરૂરી હોય છે. તેમ છતાં જે પણ ડોકટર કે અન્ય મેડિકલ માલિક દ્વારા આમ કરાયું હશે તેની તપાસ કરી દોષિત સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ.

હાલમાં મિશ્ર ઋતુને લઈ વાયરલ બીમારીઓનો ઉપદ્રવ વધી પડ્યો છે ત્યારે મેડિકલ વેસ્ટ જાહેરમાં ફેંકાતા અને તેનાથી ગાયના મોતને લઈ રહીશોમાં આક્રોશ સાથે દોષિત સામે ફિટકારની લાગણી છવાઈ છે.